UGVCL
Uttar Gujarat Vij Company Ltd.
Division Office, Nr.Gandhi bag, Patan. Mo.No.96876 33839 CIN – U40102GJ2003SGC042906

| | |
|---|---|
| PR NO.:- | 517883 |
| RFQ NO.:- | 70585 |

**ADVERTISED TENDER**

Issued to:-

M/s ___________________________________________

___________________________________________

___________________________________________

**Name of Work :- HIRING OF VEHICLE FOR PATAN RURAL (CLOSE BODY JEEP) SUB DIVISION UNDER DIVISION OFFICE PATAN UGVCL**

**Nivida No. :- MSNCO/164/2022**

| | | |
|---|---|---|
| **1.** | **Estimate Cost** | **Rs.12,00,000.00/-** |
| **2.** | **Earned Money Deposit** | **Rs. 20,000.00** |
| **3.** | **Security Deposit** | **5% order value** |
| **4.** | **Online Preliminary, Technical & Price bid i.e. On line (e-tendering) tender/offer submission last date** | **Date: 06/01/2023 Up to 18.00 Hrs** |
| **5.** | **Last Date for submission of Tender fee and EMD Demand Draft Cover. (By Registered Post A.D. or Speed Post only)** | **On or before date 09/01/2023 Up to 18.00 Hrs** |
| **6.** | **Date of opening of Tender fee, EMD cover and Technical Bid online(if possible)** | **Date 10/01/2023 up to 12.00 Hrs** |
| **7.** | **Date of On line Opening of Price Bid online (Tentative, if possible)** | **Date 10/01/2023 up to 16.00 Hrs** |
| **8.** | **Tender Fee** | **Rs. 1000=00 + 18 % GST = 1180=00** |
| **9.** | **Tender Type** | **Item Rate** |
| **10.** | **Time Limit** | **2 Years** |

Earnest money deposit will be accepted in cash or by demand draft on any schedule bank at Patan in favor of "UTTAR GUJARAT VIJ COMPANY LIMITED", CHEQUES OR Bank Guarantee will not be accepted.

**Tender Received through RPAD will be accepted.**

**To be filled by the tenderer.**

1. Tender Fee Rs. ___________ Paid Vide Receipt No. ______________________ Date.________________
2. EMD Rs. ________________ Paid Vide Receipt No. ______________________ Date.________________
3. New Vehicle Deposit Rs. _______________ Paid Vide Receipt No._______________ Date.____________
4.GST Registration No..____________________________ 5. PAN. __________________________________

**Supdt. A/c(Exp)**
**Patan**

**Executive Engineer**
**Patan**

**Important Note for bidders (as per GUVNL Circular:GUVNL/TECH-3/DE-1 /ONLINE TENDER DOCU./1790 DATE:01.07.2022)**

1.Tender without Tender Fee/EMD will not be considered for accepted tender.

**2.Documents with bid submission in N-procure** :-

-Bidder has to upload scanned copies of original (Notarized/self-attested copies of original-as specified in tender document) documents with bid and no physical document to be submit by bidder.

-In case of short submission of documents with bid and/or clarification if any required from the bidder, the required detail/documents may be asked from bidder in physical form.

-It shall be sole responsibility of the bidder that the uploaded scanned documents (in PDF Form) remain legible and should not be password protected.

**3.Payment of Tender Fee & EMD:**

- Payment of tender fee/EMD can be accepted by RTGS/NEFT in favour of UTTAR GUJARAT VIJ COMPANY LIMITED.

»Bank Name & Branch: Bank of Baroda,Market Yard Branch, Patan
»A/C Num.:01480200000025
»IFSC Code:BARB0MARPAT (Fifth Character is ZERO)

-In case of cash payment (up to 10,000/-), the scanned copy of cash receipt shall have to be uploaded with bid.

-In case of payment through DD/Banker Cheque/pay order/Bank Guarantee, the scanned copy of original document shall have to be uploaded with the bid and original copy of the same will have to be submitted at the UTTAR GUJARAT VIJ COMPANY LIMITED Division Office Patan, Nr,Gandhi Bag, Patan-384265, within 5 days of specified date of bid opening.

4. Tender Papers & Specifications may be downloaded from web site https://ugvcl.nprocure.com (To view, download and on-line submission of documents) and UGVCL web site www.ugvcl.com (To view & download only).
5. Bidders should be in touch with websites https://ugvcl.nprocure.com & https://www.ugvcl.com for information regarding revision/corrigendum/

Amendment in tender till due date of online submission and thereafter. No separate information shall be sent in this regards and also not publish in newspaper.

6. It is mandatory for all the bidders to submit their tender documents/Technical bid with scanned copy of Tender Fee and EMD evidence by on-line (e-tendering) upload in schedule time.

7.**The Bidder must submit their Technical Bid & price bid online in electronic formate only on N-Procure web site till last date& time for submission.Offers in physical form will not be accepted in any case.**

**SUPDT.ACCTT.**
**DIVISION OFFICE MEHSANA**

**EXECUTIVE ENGINEER**
**DIVISION OFFICEMEHSANA**

# SCHEDULE-'B'

Vehicle No-----------------------------,Year of Model------------------- Present Diesel Rate:--------------

**Name of Work HIRING OF VEHICLE FOR PATAN RURAL (CLOSE BODY JEEP) SUB DIVISION UNDER DIVISION OFFICE PATAN UGVCL**

Vehicle No.__________________________ Year of Vehicle Registration____________________________

| Sr. No. | Description | Quantity | Unit | Quoted Rate Per Unit | Amount |
|---|---|---|---|---|---|
| 1. | Up to 3000 Kms per month and minimum 12hours per day | 24 | Nos | 44000 | 1056000 |
| 2. | Rate of extra Kms above 3000 Kms per Kms. | 3030 | Km | 9 | 27270 |
| 3. | Night Charge rate per night | 259 | Nos | 450 | 116550 |
| 4 | HIRING OF VEHICLE-DIESEL PRICE DIFFERENCE CHARGES PER KM | 1800 | Km | 0.1 | 180 |
| | | | | Total | 12,00,000 |
| | | | | ……%Above/Below | |
| | | | | ………..% GST | |
| | | | | Grand Total | |

ઠેકેદારે ટેન્ડર ના ભાવ N-CODE ની વેબસાઇટ પર ઓનલાઈન ભરવાના રહેશે. જો ઠેકેદાર ટેન્ડર ના ભાવ N-CODE ની વેબસાઇટ પર ઓનલાઈન નહીં ભરેલ તો તેમનું ટેન્ડર રદ કરવામાં આવશે.

**Contractor's Signature With stamp**

**Executive Engineer**
**Patan**

**Note:** (1).RTO Registration book, Taxi/Maxi Passing permit certificate, Full Insurance Policy, Road Passing (Fitness certificate, Inspection Report),PUC certificate, Pan card & license of driver to be submitted with tender without this document tender will be rejected.

(2) The above rates are INCLUSIVE / EXCLUSIVE OF GST as per Government Rule

(3) Each page of the Tender down loaded from the Website is to be signed by the authorized signatory/person & the rubber seal of the Company/Firm shall also have to be provided on each page by bidder

**ટેન્ડર સાથે નીચેના ડોંક્યૂમેંટ ncode માં pdf file બનાવી ઓનલાઈન બીડાણ કરવાના રહેશે:**

(૧) ટેન્ડર નોટીસ કોપી (દરેક પેજ પર ઠેકેદાર ની સહી સાથે)
(૨) ટેન્ડર ફી તથા ઈમેડી ફી (GUVNLપરરપત્ર મુજબ અને ઉપર ની ટેન્ડર શરત નાં 3 મુજબ)
(3) પાનકાડડ
(૪) જીએસટી નાંબર

(૫) જો જીએસટી નંબર તા.૦૧.૧૦.૧૯ પછીનો હોય તો ઠેકેદારે રૂપપયા ૩૦૦/-ના સ્ટેમ્પ પેપર પર નોટરી સાથે એવું લખાણ આપવાનું રેહશે કે ઠેકેદારે ૧૨ % (બાર) જીએસટી લેવો અથવા ૫ % (પાંચ) રિવર્સ મીકેનીજમ પ્રમાણે જીએસટી ની કાયડવાહી થશે તેવા લખાણ વાળો સ્ટેમ્પ online ડોકયુમેંટ માં જોડાવાનો રેહશે.

(૬) જો જીએસટી નાંબર ના હોય તો ઠેકેદાર નુ વાર્ષિક ટર્નઓવર વીસ લાખ કરતા ઓછુ છે તેવુ રૂ. ૩૦૦ ના સ્ટેમ્પ પેપર પર નોટરી સાથે નુ બાહેધરી પત્ર લખી online જોડાવાનો રેહશે.

(૭) નવી ગાડી નું કોટેશન-બોલેરો બાંધ બોડી ગાડી(7/9) પાસીંગ

(૮)જુની ગાડી ની આર.સી બુકની ઝેરોક્ષ,વીમો,ટેક્ષી-મેક્ષી પાસીંગ,

ફિટનેસ સટીફીકેટ,પીયુસી,ડ્રાયવર લાયસન્સ, ઠેકેદારનુ આધારકાર્ડ
(૯) જો ઠેકેદારે નવી ગાડીનું કોટેશન મુકેલ હોય તો વધારાની રડપોઝીટ રૂ. ૫૦૦૦/-નો ડીડી/RTGS/NEFTઅલગથી કરવાનો રહેશે.

# -: ગાડી ભાડે રાખવા માટેના નિયમો અને શરતો :-

પાટણ વિભાગીય કચેરી અને તેના તાબા હેઠળ આવતી કચેરીઓ માટે ટેક્ષી/ મેક્ષી પાસીંગ બોલેરો કેમ્પર જીપ ગાડી વાર્ષિક ધોરણે ભાડે રાખવા અંગેની સામાન્ય શરતો નીચે મુજબ છે. જે ભાડે આપનાર ઠેકેદાર (એક બાજુવાળા) અને ઉત્તર ગુજરાત વીજ કંપની લીમીટેડ,પાટણ (બીજી બાજુવાળા) એ કંપની સાથે રૂ. ૩૦૦ નો કરારખત અને રૂ. ૩૦૦ નો બોન્ડ કરવાનો રહેશે.

1. ગાડી જીપ ફેરવવાનું કાર્યક્ષેત્ર ગુજરાતભરમાં કોઇપણ જગ્યાએ લઇ જવાની રહેશે જેથી જીપ (ટેક્ષી) તમારા લાયસન્સ ધરાવતા અનુભવી ડ્રાઇવર સાથે કોન્ટ્રાકટ ઉપર ભાડે આપવાની રહેશે.
2. આર.ટી.ઓ ના નિયમો અનુસાર આપની જીપ(ટેક્ષી) ઓન રોડ હોવી જરૂરી છે. તથા તેને લગતા તમામ ટેક્ષ, ઇન્સ્યોરન્સ,ટેક્ષી/મેક્ષી પરમિટ વગેરે પૂરા ટાઇમના ભરેલા હોવા જોઇએ તેમજ પોલીસ ખાતા / આર.ટી.ઓ. મારફત જે કઇ કાર્યવાહી થાય તેની બધી જ જવાબદારી આપના શીરે રહેશે. ટેક્સી પરમિટ તથા સંપુર્ણ વીમો અત્યંત જરૂરી છે.
3. <u>આપના વાહનનું મોડલ કંપનીએ મુકરર કરેલ એટલે કે ટેન્ડર પાડ્યા તારીખથી ત્રણ વર્ષ સુધી ના જ જુના વાહન ઉપર ટેન્ડર મળી શકશે તેથી વધુ જુના વાહન ઉપર ટેન્ડર મળી શકશે નહીં જો ત્રણ વર્ષ કે તેથી વધુ જુના વાહન ઉપર ટેન્ડર ભરેલ હશે તો ટેન્ડર રદ(રિજેક્ટ) ગણાશે</u>
4. <u>વાહન ના મરામત ખર્ચ ની તમામ જવાબદારી ઠેકેદાર ના શિરે રહેશે. ટેક્ષી/મેક્ષી પાર્સિંગ હોવું જોઇશે. વાહન માટે જરૂરી દસ્તાવેજો જેવા કે આર.સી. બુકની નકલ, સંપુર્ણ વીમા પોલિસી, ટેક્ષી/મેક્ષી પાર્સિંગ સર્ટિફિકેટ, રોડ પાર્સિંગ સર્ટિફિકેટ (ફિટનેશ સર્ટિફિકેટ, ઇન્સ્પેકશન રિપોર્ટ), કોન્ટ્રાકટ કેરીજ પરમીટ, ડ્રાઇવિંગ લાયસન્સ બેઝ વાળું,પી.યુ.સી. સર્ટિફિકેટ,પાન કાર્ડની નકલ,ચૂંટણી કાર્ડ ની નકલ ફરજીયાત પૂરા પાડવાના રહેશે.</u>
5. કંપનીના નિયમ અનુસાર તેમજ નિયુકત કરેલ અધિકૃત અધિકારીની સુચના અનુસાર જીપ પાકા અથવા કાચા રસ્તા પર ચલાવવાની રહેશે. તેમજ તેમની સુચના અનુસાર રાત્રિ રોકાણ કરવાનુ રહેશે. તથા વાવાઝોડા તથા અન્ય કામગીરી માટે જીયુવીએનએલ ની તાબા હેઠળ આવેલ તમામ વીજ કંપની ના કાર્યક્ષેત્ર માં જવાનું રહેશે.
6. કંપનીના નિયમ અનુસાર કિલોમીટર તથા કામગીરી અંગેની લોગબૂક આપે ફરજીયાત પણે રાખવાની રહેશે. જેમાં ૧ થી ૩૧ તારીખ સુધી ની તમામ વિગત તથા મુસાફરી કરનાર અધિકારી/કર્મચારીઓની વિગત,કામગીરી ની વિગત,તારીખ,સમય,સ્થળ,પાસ્ટ/પ્રેઝન્ટ રીડિંગ સાથે

ના કુલ કી.મી ની સંપૂર્ણ માહિતી દર્શાવાની રહેશે. જે બિલની ચુકવણી માટે અધિકૃત રેકર્ડ ગણાશે.તે રેકર્ડમાં કંપનીએ અધિકૃત કરેલ અધિકારીની સહી કરેલ હોવી જરૂરી છે. જે તે દિવસે મુસાફરી શરૂ થતાં ઇન્ડેન્ટ ભરવું ફરજિયાત છે તથા મુસાફરી પૂરી થયેથી મુસાફરી કરનાર અધિકારીશ્રી/કર્મચારીઓની ઇન્ડેન્ટમાં સહી કરવવાની જવાબદારી ડ્રાઇવરની રહેશે ,તથા તે ઇન્ડેન્ટ મોડામાં મોડા કામકાજના બીજા દિવસે જવાબદાર અધિકારીશ્રી ને આપવાના રહેશે.

7. <u>ઠેકેદારે ગાડી માં જીપીએસ (GPS) સિસ્ટમ પોતાના ખર્ચે લગાવવાની રહેશે અને બિલ પાસ કરાવતી વખતે જીપીએસ (GPS) રિપોર્ટ મુજબ લોગબુક મેચ કરી સબમિટ કરવાની રહેશે તથા લૉગબુક સાથે જીપીએસ રિપોર્ટ સામેલ કરવાનો રહેશે.</u>
8. ડ્રાઈવર ના પગાર ભથ્થા તથા રહેવા જમવાની સગવડ ઠેકેદાર કરવાની રહેશે, જરૂરિયાત મુજબ રાત્રિ રોકાણ માટે ડ્રાઈવરનો જરૂરી ખર્ચ ઠેકેદારે પોતે ભોગવવાનો રહેશે તથા ડ્રાઈવર ને અઠવાડિક એક રજા આપવાની જવાબદારી ઠેકેદાર ની રહેશે.
9. આપનું વાહન સોમવાર થી રવિવાર એમ દરેક દિવસે ઉપલબ્ધ રાખવાનું રહેશે.
10. કોઈપણ શરતવાળું કે અધૂરું ભરેલ ટેન્ડર સ્વીકારવામાં આવશે નહીં.
11. ઠેકેદારે તેનું ગાડી ભાડાનું પાકું બીલ દર મહિને ત્રણ નકલોમાં આપવાનું રહેશે. જેનું ચુકવણું બીલ મળ્યા પછી દિન-૩૦ માં એકાઉન્ટ પેના ચેક અથવા આર.ટી.જી.એસ. થી કરવામાં આવશે. તથા સરકારશ્રીના નિયમ મુજબ બિલમાંથી ટી.ડી.એસ. કપાત કરવામાં આવશે.
12. તમોએ એટલે કે ઠેકેદારે ભાડે મુકેલ વાહનનો તેમજ ત્રાહિત વ્યક્તિનો સંપુર્ણ વીમો લેવાનો રહેશે અને વીમો લીધાની નકલ એગ્રીમેન્ટ કરતી વખતે રજુ કરવાની રહેશે. તેમજ વિમાની મુદત પુર્ણ થાય તે તારીખથી નવો વીમો લેવામાં આવે તે સમય ગાળા દરમ્યાન તમારા ભાડે રાખેલ ગાડી માં મુસાફરી કરી રહેલ અમારા સ્ટાફને ઘાતક/બિન ઘાતક કોઇ અકસ્માત થશે તો તે અંગેની સઘળી જવાબદારી તમારા શીરે રહેશે. જેની ગંભીર નોધ લેવી. આવી પરિસ્થિતી ન ઉદભવે તે માટે તમોએ સમયસર તમારા ગાડીનો સંપુર્ણ વીમો કઢાવી લેવો.
13. આપની જીપ(ટેક્ષી/મેક્ષી) યુ.જી.વી.સી.એલ. ના અધિકારી માંગે ત્યારે અને તેટલા સમય માટે આપવાની રહેશે. સામાન્ય રીતે તેનો સમય સવારના ૮:૦૦ કલાક થી સાંજના ૮:૦૦ કલાક સુધી રહેશે. સમય ચોક્કસતાના પ્રમાણે દિવસ દરમ્યાન ૧૨ કલાક ભરેલા ભાવ પ્રમાણે કામ કરવાનુ રહેશે. પરંતુ ઈમરજન્સીમાં વધારે સમય જીપની જરૂર પડે તો તે પ્રમાણે આપવાની રહેશે.

14. સદરહું કોન્ટ્રાક્ટ માટેની સમય મર્યાદા બે વર્ષની અથવા ઓર્ડર ની રકમ પુરી થાય, બંને માંથી જે વહેલા હોય તે પ્રમાણે ની રહેશે.કોન્ટ્રાકટર ની સનિષ્ઠ સેવા બદલ બંને ની સંમતીથી જુના ભાવ અને શરતે વડી કચેરીની મંજૂરી મળ્યેથી કોન્ટ્રાકટરની મુદત વધુ એક વર્ષ માટે કોન્ટ્રાક્ટ લંબાવી આપવામાં આવશે, પરંતુ તે માટે કોન્ટ્રાકટર નો કોઇ હકક દાવો રહેશે નહીં.
15. આપની ગાડી બહાર લઈ જવાની જરૂરિયાત ઊભી થાય તો આપે ભરેલા ભાવ થી જ આપવી પડશે, જો રાત્રિ રોકાણ ની જરૂરિયાત ઊભી થાય તો તે ભાવના સંદર્ભમાં રહી ને જ આપવાની રહેશે.
16. ડીઝલ/ટાયર/આકસ્મિત મરામત/સર્વિસ/અકસ્માત ના કારણોસર જો આપનું વાહન રોકાયેલું રહેશે તો તેની અવેજી માં તેટલા દિવસ માટે આજ પ્રકાર ની બીજી ગાડી પૂરી પાડવાની રહેશે, તેમ છતા જો તેમ કરવામાં નિષ્ફળ જાઓ તો પ્રત્યેક દિન મુજબ નો ચાર્જ તથા પેનલ્ટી પેટે રૂ.૧૦૦૦ + જી.એસ.ટી પ્રમાણે બીલમાંથી કાપી લેવામા આવશે. આ સમય દરમિયાન અધિકૃત અધિકારીશ્રી ને રાત્રીના સમયે ગાડીની જરૂરિયાત ઊભી થશે અને જો આપ ગાડી મોકલવમા નિષ્ફળ જશો તો ટેન્ડરમાં ભર્યા મુજબની નાઇટ ચાર્જ ની રકમ બીલમાંથી કાપી લેવામા આવશે.
17. સદરહું કોન્ટ્રાક્ટ માટે આપે આપને મળેલ ઓર્ડરના ૫% પ્રમાણે કંપનીમાં સિક્યોરિટી ડિપોઝિટ પેટે ભરવાના રહેશે. જો ઠેકેદાર અધવચ્ચે કોન્ટ્રાક્ટ રદ કરીને ચાલ્યા જશે અથવા અન્ય શરતો નો ભંગ કરતા જણાશે તો ડિપોઝિટ જપ્ત કરવાને પાત્ર થશે. સિક્યોરિટી ડિપોઝિટ કોન્ટ્રાકટ પિરિયડ સંતોષકારક રીતે પુર્ણ થયા બાદ ઇન્ચાર્જ અધિકારી તરફથી એન.ઓ.સી. મળ્યા બાદ પરત કરવામાં આવશે.
18. કંપની જ્યારે પોતાની માલિકીનું વાહન પુરુ પાડે અથવા આપના વાહનની જરૂરિયાત ઉભી ન થાય તો કંપની કોઇપણ સમયે કોઇપણ જાતની નોટિસ આપ્યા સિવાય આપેલ મુદત દરમ્યાન કોન્ટ્રાક્ટ રદ બાતલ કરી શકશે.
19. સામાન્ય પ્રશ્નોના નિરાકરણ માટેની સત્તા નીચે સહી કરનાર અધિકારીની રહેશે.
20. ગાડી નો ડ્રાઇવર અનુભવી, સક્ષમ તથા હેવી લાઇસન્સ ધરાવતો તથા ભાડા ની ગાડી ચલાવવા માટેનો બેઝ ધરાવતો હોવો જરૂરી છે. તે જે તે રસ્તા નો જાણકાર હોવો જોઇએ તેની ઉમર ૫૫ વર્ષ થી વધુ ના હોવી જોઈએ તથા તે યોગ્ય દૃષ્ટિવાળો, વિનમ્ર, સ્વચ્છ, સારા પોશાકમાં, સદ્ભાવપુર્વક વ્યવ્હાર ની સાથે સાથે નશાયુક્ત પદાર્થોનું સેવન કરતો ના હોવો જોઇએ, વાહન માલિક દ્વારા ડ્રાઇવરને ઓછામાં ઓછું ઇનકમિંગ સેવા ચાલુ હોય તેવો મોબાઇલ ફોન આપવાનો રહેશે તથા તેનો

નંબર ટેન્ડરમાં જણાવવાનો રહેશે, સદર નંબર બદલવો પડે તેમ હોય તો વાહનમાલિક દ્વારા તુરંત જણાવવાનો રહેશે.

21. સામાન્ય રીતે આપનું વાહન સવારે ૮:૦૦ વાગે અમારી જે તે ઓફિસે અથવા અધિકૃત અધિકારીના આદેશ મુજબ હાજર રાખવુ પડશે.આપે ગાડી દરરોજ કામ પુરુ કર્યા બાદ યુજીવીસીએલ કચેરીના કમ્પાઉન્ડ ના પાર્કિંગમાં રાખવાની રહેશે.
22. ગાડી જે દિવસે કામ ઉપર ના આવે અથવા ઠેકેદારે અવેજીમાં બીજું વાહન પુરુના પાડે તો ટેન્ડરમાં નક્કી થયેલ પ્રતિ દિન નો ચાર્જ તેમજ દંડ પેટે રૂ.૧૦00.00 + જી.એસ.ટી પ્રતિ દિવસ લેખે બીલમાંથી કાપી લેવામા આવશે, આવા દિવસો ના કી.મી. મહ્તમ મર્યાદા મા મજરે આપવામા આવશે નહીં તથા વાહન સતત સાત દિવસ સુધી ગેરહાજર રહેશે અને કોન્ટ્રાકટર દ્વારા અન્ય વાહન ઉપલબ્ધ નહીં થાય તો આપનો ઑર્ડર નીચે સહી કરનાર અધિકારીશ્રી કોઈપણ જાતની જાણ કર્યા વગર ઑર્ડર રદ કરી શકશે.
23. રાત્રિ દરમ્યાન આપનુ વાહન લાઇનમાં વિક્ષેપ નિવારણ તથા બીજા કોઇપણ કામકાજ માટે બોલાવવામાં આવશે તો તે કામ પુરુ થાય ત્યા સુધી વાહન રોકી રાખવામા આવશે. આ માટે રાત્રિના ૮:૦૦ થી બીજા દિવસના ૮:૦૦ દરમ્યાન ચાર કલાક કે તેથી વધુ વેહિકલ ની સેવા પુરી પાડેલ હશે તો જ નાઇટ ચાર્જ માટે પાત્ર ગણાશે. જો તેમ કરવામાં નિષ્ફળ જશો તો પ્રત્યક રાત્રિના રૂ. ૧૫00.૦૦ + જી.એસ.ટી. પ્રમાણે બીલમાંથી કાપી લેવામાં આવશે.
24. ઠેકેદારે વાહન ઉપર આગળના ભાગે " **ON DUTY UGVCL**" ચોખ્ખું વાંચી શકાય તે રીતે લખવાનુ રહેશે. તે ઉપરાંત સાથે સ્પેર વ્હીલ તથા બીજા તાત્કાલિક મરામત કરી શકાય તેવા સાધનો ગાડીમાં રાખવાના રહેશે. તેમજ ડીઝલ ખરીદવા, વાહન રિપેરિંગ કરાવવા, ટોલટેક્ષ તથા અન્ય ખર્ચ માટે ડ્રાઇવર પાસે પુરતા નાણા ની વ્યવસ્થા કરવાની રહેશે.
25. આપના વાહન માટે જરૂરી ડીઝલ, ઓઇલ, સ્પેર પાર્ટસ માટેના સઘળા ખર્ચની જવાબદારી આપની રહેશે.
26. આપે આપની ગાડીમાં અધિકૃત અધિકારીની સુચના મુજબ કચેરીના માણસો તથા જરૂરી માલસમાન લઇ જવા દેવો પડશે. તથા માલ-સમાન લાવવા-લઇ જવા માટે **ગાડી ઉપર કેરિયર લગાવેલ ગાડી પુરી પાડવી પડશે**.
27. ઠેકેદારે તેમનું બીલ માઈલોમીટર મુજબના કી.મી. ના આંક પ્રમાણે ચૂકવવામાં આવશે. કદાચ જો માઈલો મીટર બંધ હશે અથવા અયોગ્ય રીતે ફરતું જણાશે તો તે માટેના કી.મી. યોગ્ય ગણતરી કરી

કાર્યપાલકશ્રી ની સૂચના મુજબ ગણવામાં આવશે. ઠેકેદાર ગાડીનું ચેઇનોમીટર દર છ માસે કેલિબ્રેશન કરાવવાનું રહેશે, જેનું સર્ટિફિકેટ અત્રેની કચેરીએ જમા કરાવવાનું રહેશે.

28. કચેરી અને વાહન હંકારનાર વચ્ચે નોકરી અને તેની આનુસંગિક કોઇપણ બાબત જેવી કે માલિક અને ડ્રાઇવરના સંબંધ અથવા તો કોઇપણ જાતની કાયદાકીય જવાબદારી રહેશે નહીં વાહન હંકારનાર દ્વારા તેઓની સેવા બાબતે કોઈપણ પ્રશ્નો ઉપસ્થિત થાય તેમા કંપનીને કોઈપણ સ્વરૂપમાં લેવા દેવા રહેશે નહીં.
29. ડ્રાઇવર તથા ઠેકેદાર ની અણઆવડત, બેદરકારી કે હેતુપૂર્વક તથા અન્ય કોઈપણ કારણસર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કચેરી ની મિલકત કે કોઈપણ સાધન સામગ્રીને, સેવાને, સરકારી રેકોર્ડ કે અધિકારી/કર્મચારીઓની કોઈ પણ વસ્તુને પરોક્ષ રીતે થયેલ નુકશાન કે કંપનીને ભોગવવાનું થતું તમામ નુકશાન વાહન માલિક ભરપાઈ કરવા બંધાયેલ છે.
30. આ કરાર બિન તબદીલી પાત્ર છે, વાહન માલિક પેટા વાહન માલિકને રોકી શકશે નહીં અને સક્ષમ સત્તા/કચેરીની પૂર્વ મંજૂરી સિવાય વાહન માલિક અન્ય કોઈ પેટા વાહન માલિક ને આ કામ તબદીલ કરી શકશે નહીં અથવા આ કરાર ની અન્ય કોઈ બાબત અન્ય વાહન માલિકને તબદીલ કરી શકશે નહીં.
31. જો વાહન માલિક કરાર ચાલુ રાખવા ઇચ્છતા ન હોય તો તેમણે ત્રણ માસની નોટિસ આપવી પડશે તે **પરિસ્થિતી**માં તેની સિક્યોરિટી ડિપોઝિટ જપ્ત કરવામાં આવશે.
32. વાહન માલિકના મૃત્યુના કિસ્સામાં કરાર સમાપ્ત થયેલો ગણાશે અને તેના કાયદેસર ના વારસદાર ને કોઈ હક્ક/દાવો રહેશે નહીં.
33. ઠેકેદારને જો કામ માટે ઓર્ડર આપવામાં આવશે તો ઓર્ડર મળ્યા તારીખથી દિવસ ૧૫ ની અંદર અમલ કરવાનો રહેશે.
34. ઠેકેદારે વાહનને સંજોગોવસાત જો કોઈપણ જાતની ઘાતક અથવા બિનઘાતક અકસ્માત થશે તો તેના વળતરની સઘળી જવાબદારી વાહન ધરાવનાર ઠેકેદારના શીરે રહેશે. તેમાં કંપની ને કાયદાકીય કે બિનકાયદાકીય કોઈપણ સ્વરૂપમાં લેવા દેવા રહેશે નહીં.
35. જ્યારે જ્યારે ટાયર-ટ્યુબ અથવા ઓઇલમાં ભાવ વધારો થશે તે મજરે આપવામાં આવશે નહીં પરંતુ જ્યારે સરકારશ્રી તરફથી ડીઝલમાં ભાવવધારો કરેલ હશે તે તારીખથી વધારાના રૂ.૦.૧૦પૈસા ઉપર રૂ.૦.૦૧ પ્રમાણે ફરેલ કી.મી. ઉપર ભાવ તફાવત આપવામાં આવશે અને જ્યારે

સરકારશ્રી તરફથી ડીઝલમાં ભાવ ઘટાડો કરેલ હશે તો ઠેકેદાર ના બિલ માં રિકવર કરવામાં આવશે. ટેન્ડર ની છેલ્લી તારીખે ડીઝલનો જે ભાવ હશે તે ગણતરીમાં લેવામાં આવશે અને ઠેકેદારે તેમના ટેન્ડરમાં દર્શાવાનો રેહશે. ડીઝલ ડિફરન્સ માટે વાહન માલિકની અરજીની સાથે ડીઝલ માં રોજે રોજ ના ડીઝલ ના ભાવનું પેટ્રોલપંપ માલિકનું સર્ટિફિકેટ/વાહન લૉગબુક તથા ડીઝલ ભરાવેલ તે તારીખના બિલ રજુ કરવાના રહેશે જો બિલો રજુ કરવામાં નહીં આવે તથા લૉગબુકમાં પણ કઈ તારીખે કેટલા કિલોમીટરે ડીઝલ ભરાવેલ છે તે દર્શાવેલ નહીં હોય તો ડીઝલ ડિફરન્સ મંજૂર કરવામાં આવશે નહીં.જીપીએસ સાથે લોગબુક મેચ કરી કિલોમીટર ની ગણતરી કરી પેટાવિભાગીય કચેરીએ જે તે માસ ના બિલ માં ચૂકવાનું રેહશે.

36. ટેન્ડર લેતી વખતે જે ગાડીના દસ્તાવેજ પુરા આપ્યા હશે તેજ ગાડી આપવાની રહેશે. કદાચ સંજોવસાત ગાડી બદલવાની જરૂરિયાત ઉભી થાય તો નીચે સહી કરનાર અધિકારીની જરૂરી મંજૂરી મેળવવાની રહેશે. ટેન્ડર ઓપન કર્યા પછી જેમનું ટેન્ડર પાસ થયેલ હોય તેમણે ગાડી ઓર્ડર આપ્યા પહેલાં નીચે સહી કરનાર અધિકારીશ્રી પાસે પાસ કરાવવાની તેમની જવાબદારી રહેશે.
37. કોઈપણ જાતના કારણ આપ્યા સિવાય એક જ અથવા બધાજ જ ટેન્ડર સ્વીકારવા કે ન સ્વીકારવા તે બાબતનો અધિકાર નીચે સહી કરનાર અધિકારીશ્રી ને અબાધિત રહેશે.આ બાબતે આપનો કોઇ હક્ક દાવો માન્ય રખાશે નહીં.
38. ઠેકેદારે વાહન ઉપર ફરજિયાત ફાસ્ટટેગ લગાવવાનું રહેશે,કંપની દ્વારા ઉપયોગ માં લીધેલ વાહન નો ટોલટેક્ષ કપાયેલ હશે તો તે ઠેકેદારે ટોલટેક્ષ ના નાણા પરત લેવા માટે કપાયેલ ટોલટેક્ષ સ્ટેટમેન્ટ અથવા પાવતી જોડવાની રહેશેત્યારબાદ જરૂરી ચકાસણી બાદ બીલમાં આપવામાં આવશે જો ફાસ્ટટેગ લગાવેલ નહીં હોય અને ઓફિસ કામ માટે આપનું વાહન બહાર મોકલવાનું થશે અને ડબલ ટોલટેક્ષ કપાશે તો તે આપના બીલ માંથી કાપી લેવામાં આવશે જેની ખાસ નોંધ લેશો.
39. રોડ પર વાહન ચલાવવાનો રોડ ટેક્ષ વાહન માલિકે ભરવાનો રહેશે. ટોલટેક્ષ/બ્રિજટેક્ષ વિગેરે વાહન માલિકે ભરવાનો રહેશે અને તેની ઓરિજીનલ પાવતી બિલ સાથે રજુ કરવાથી બિલમાં મજરે આપવામાં આવશે.

40. જી.એસ.ટી. રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર અને તારીખ ફરજીયાત રજુ કરવાનુ રહેશે. જો જી.એસ.ટી. નંબર લીધેલ નહીં હોય તો સરકારશ્રીના નિયમ મુજબ જીએસટી ઠેકેદારના બીલમાંથી વસુલ કરવામાં આવશે.

41. આપે રોકેલ ડ્રાઇવરની કામગીરી અંગે કદાચ કોઇ અસંતોષ અથવા કોઈપણ જાતની ફરિયાદ ઉદભવશે તો અધિકારીની સુચના મળ્યેથી ડ્રાઇવરને તાત્કાલિક બદલવાની વ્યવસ્થા ઠેકેદારે કરવાની રહેશે.
42. ડ્રાઇવરે મોબાઇલ ફોન રાખવાનો રહેશે અને તેનો સંપર્ક નંબર અધિકારીશ્રીને જણાવવાનો રહેશે.
43. વાહન માલિકે ઇન્કમટેક્ષ કાપવા માટે પોતાનું પાનકાર્ડ તેમજ જી.એસ.ટી ની કોપી આપવાની રહેશે.ઓનલાઈન ટેન્ડર ભરો તો બંનેની નકલ અચૂક ચૂકવવાની રહેશે.જો પાન કાર્ડ નહીં આપવામાં આવે તો ૨૦% ઇન્કમટેક્ષ કાપવામાં આવશે.જો જી.એસ.ટી નંબર ની કોપી જોડવામાં આવેલ નહીં હોય તો કોન્ટ્રાકટરે વાર્ષિક ટર્નઓવર વીસ લાખ કરતાં ઓછું છે તેવું રૂપિયા 300 ના સ્ટેમ્પ પેપર પર બાહેધરીપત્ર લખી આપવાનું રહેશે.
44. ઉપરોક્ત શરતો અંગે જો કોઈ વાંધો અગર મદભેદ ઊભો થશે તો તે અંગે નો નિર્ણય લેવાની સત્તા નીચે સહી કરનાર અધિકારી ની રહેશે. આ બાબતમાં કોઈપણ જાતની કાનૂની ગૂંચ કે વિવાદ અંગે પાટણ કોર્ટ ની હકૂમત માન્ય ગણાશે.
45. ટેન્ડર ફકત રજી. પોસ્ટથી સ્વીકારવામાં આવશે.
46. ટેન્ડર ના કવર ઉપર " હાયરિંગ ઓફ વ્હીકલ ફોર .....................સ.ડિવિ. " લખવું જરૂરી છે.
47. If the contractor having any work order or supply order under respective Division office & security deposited not paid till the date of display of this tender then it is considered such contractor is negligent to complete work in stipulated time limit and not achieving work progress as per UGVCL requirement & which may leads probability of accident. Thus such may have not started/(commenced) work., Then such contactor will technically disqualified only for this tender & price bid will not be opened without intimating reason thereof.

ઉપરોકત તમામ સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. અને તમામ હકીકત ઠેકેદારે વાંચી સમજીને કોઈપણ જાતના દબાણ વગર ટેન્ડર ભરીને સહી કરેલ છે, જે તેઓશ્રી ને માન્ય અને બંધનકર્તા રહેશે.

**નોધ:- નવીન ગાડી લાવનાર ઠેકેદારે ટેન્ડર સાથે નવી ગાડી માટેનું કવોટેશન રજુ કરવાનું રહેશે તથા રૂ. ૫૦૦૦=૦૦ વધારાની ડિપોઝિટ ભરવાની રહેશે. ટેન્ડરમંજૂર થયેથી પંદર દિવસમાં નવું વાહન તથા દસ્તાવેજ નીચે સહી કરનાર અધિકારીશ્રીને રજુ કરવાના રહેશે.**

કાર્યપાલક ઇજનેર
યુજીવીસીએલ
વિભાગીય કચેરી,પાટણ

ઠેકેદારનું નામ: ______________________________

ઠેકેદારનું સહી: ______________________________

ઠેકેદારનું પુરૂ સરનામું: ______________________________

______________________________

______________________________

મોબાઇલ નં.: ______________________________